**મે. છોટાઉદેપુર ના એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રી(એ.પી.જોષી). ની કોર્ટમાં**
**મુ.છોટાઉદેપુર**

**ફો.કેસ. નં.૩૯૬૫ /૨૦૨૩**
**આંક.–૬**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

<u>વિરૂઘ્ધ</u>

**આરોપીઃ–**રામાભાઈ.મંગાભાઈ.નાયકા.રહે.પાલસંડા.તા.જી. છોટાઉદેપુર

ગુન્હા :– *<u>ગુજરાત પ્રોહી એકટ ની કલમ –૬૫– એએ મુજબ.</u>*.

–:: હ ૨ા વ ::–

ફરીયાદ પક્ષે કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે વગર પરમીટે પોતાના કબજામાં આ કામના આરોપી પ્રોહી.પ્રતિબંધક એરીયા વગર પાસ પરમિટે ગે.કા.રીતે દેશીદારૂ લીટર–૦૬ની કિ. રૂા.૧૨૦ /– નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી તે. સબબની ફરીયાદ ફરીયાદીએ આપતાં ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂઘ્ધ પ્રોહીબીશન એકટની ઉપરોકત કલમ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપી આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજુ કરતાં તે પુરશીશ આંક–૦૫ થી રેકર્ડ ઉપર નોધવામાં આવેલ છે તેમજ આંક– ૦૪થી પ્લી નોધવામાં અવેલ છે. જે પ્લીમાં આરોપી ગુનાનો એકરાર કરેલ છે.

આરોપી તેની કબુલાત પુરશીશ આજરોજ આપી જણાવે છે કે, અમોને ગુનો કબુલ કરવો છે અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુંટુંબ ના કમાનાર એક માત્ર વ્યકિત છીએ. અમો બાળ બચ્ચાવાળા છીહે. અમારા કુટુંબની અમારી જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુઈ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને કાદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો પર દયા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

હાથ ઉપરના કેસમાં આરોપી કાદા હેઠળની સમજ કરવામાં આવેલ છે. તેમ છતાં તેનો ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. તે ઉપરાંત કેસ ના સંજોગો ઘ્યાને

લેતા અને સજાની જોગવાઈ અંગે ના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧), જી.એલ.આર.પાના ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સીધ્ધાંતો ને ઘ્યાને લેતા આરોપી સામે હાલ નો પ્રથમગુન્હો હોવાનું જણાવેલ છે અને પોતે ગરીબ માણસ હોય તેમજ કુંટુંબ કબીલાવાળો હોય તેના કુંટુંબની દેખભાળ રાખનાર તે એક માત્ર એક ઈસમ હોય આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપી ને સુધરવાની તક મળે અને કેસ ના સંજોગો ને ઘ્યાનમાં લઈન્યાયના હીતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

—:: હુકમ ::—

આ કામના આરોપી—રામાભાઈ.મંગાભાઈ.નાયકા. — ક્રીમીનલ પ્રોસીઝર કોર્ડની કલમ—૨૪૧ મુજબ થી ગુજરાત પ્રહીબીશન એકટની કલમ—૬૫—એએ.મુજબ ના ગુનાના કામે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા રૂા. ૫૦૦/— ( અંકે રૂપિયા પાચસો પૂરા ) દંડ કરવામાં આવેલ છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન—૦૨ ની સાદી કેદ ની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**ઉપરોકત હુકમ આજરોજ તા.૦૯ મી ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.**

સ્થળ :— છોટાઉદેપુર **(અમીષ પ્રફુલચંદ્ર જોષી)**

તા :— ૦૯/૧૨/૨૦૨૩ **એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક છોટાઉદેપુર**

**Judge Code:- GJ01446**

Receipt No.-_________________
Received Rs. **500/- Five hundred Rupees Only**
**Date-09/12/2023**

**Nazir**
**C.J.M Court Chhotaudepur**